જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત
E-mail: dietsurat@gmail.com Website: www.dietsurat.org

જા.નં : ડાયેટ/IFIC/ Principal TRAINING / 2025-26 28528-28746 તા. 23/12/25

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી અને ગ્રાન્ટેડ શાળા તમામ,
જિ-સુરત

વિષય : માધ્યમિક શાળાના આચાર્યોની તાલીમ યોજવા બાબત
સંદર્ભ : જીસીઇઆરટીના પત્ર ક્રમાંક STTI/HMTrg/2025-26/1501-34/ તા. 13/12/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (**NCF-SE** 2023) નો પરિચય થાય તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (**NCF-SE** 2023)ના માર્ગદર્શક સિદ્ધાંતોને અનુસરતી શાળાઓમાં ગુણવત્તાસભર, સમાવેશી અને બાળકેન્દ્રિત શિક્ષણ પ્રદાન કરવાનો મુખ્ય ધ્યેય રહેલો છે. આ પરિપ્રેક્ષ્યમાં શાળા નેતૃત્વ **(School Leadership)** ની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બની છે. શાળાનું સુદૃઢ આયોજન અસરકારક વ્યવસ્થાપન, પ્રેરણાદાયક શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થી કેન્દ્રિત અભ્યાસક્રમ અમલમાં મૂકવા માટે મુખ્ય શિક્ષકશ્રીઓની વ્યાવસાયિક સજ્જતા અનિવાર્ય છે. આ ઉપરાંત **PARAKH -** રાષ્ટ્રીય સર્વેક્ષણ-2027 નાં તૈયારીના ભાગરૂપે શાળા વાઇઝ રોડ મેપ તૈયાર કરવો જરૂરી હોઈ તેમાં પૂછાતા પ્રશ્નોનો અને અન્ય બાબતોનો સમાવેશ સદર તાલીમમાં કરવામાં આવેલ છે.

આચાર્યશ્રીઓની વ્યાવસાયિક સજ્જતામાં અભિવૃધ્ધિ થાય તે હેતુસર રાજ્યની માધ્યમિક શાળાઓમાં કાર્યરત મુખ્ય શિક્ષકશ્રીઓ(આચાર્યો)ની તાલીમનું આયોજન નીચે મુજબ કરેલ છે. આ સંદર્ભે આપે બિનચૂક ઉપસ્થિત રહી તાલીમ લેવાની રહેશે.

**સમય : 10:30 થી 17:00**

| તારીખ | સ્થળ |
|---|---|
| 6/1/26 to 8/1/26 | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,<br>સ્વપ્નસૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક , જીઆવ બુડિયા રોડ, ભેસ્તાન, સુરત |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

નકલ સવિનય રવાના જાણ સારું :
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર